જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૪/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૧૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૧ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૪ બીયર ટીન, ૦૧ એક્ટીવા અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૭૭૧/૧૮**

**ચાંદખેડાઃ** પ્રવિણકુમાર દામોદરદાસ શાહ (રહે.આદિત્ય રેસીડેન્સી મોટેરા ચાંદખેડા) એ તા.૨૦/૪/૧૮ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૪/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૧૬/૪/૧૮ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન મોટેરા શાક માર્કેટ પાસે આવેલ સ્વસ્તિક રેસીડેન્સીમાં લાઇફકેર ફાર્મસી નામની દુકાનના તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કાઉન્ટરના ડ્રોઅર માંથી અલગ-અલગ બ્રાન્ડની દવાઓ અંદાજે ૬૦ થી ૬૫ હજાર અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ચૌધરી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૭૭૨/૧૮**

**રાણીપઃ** શનિ ભરતકુમાર જોષી (ઉ.વ.૨૪) (રહે,ગુજરાત હાઉસીંગ બોર્ડ રામજી મંદિર પાસે બાપુનગર) તા.૨૦/૦૪/૧૮ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે સુભાષબ્રિજ ઉપરથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા શનિ જોષીને ગંભીર ઇજાઓ થતા તેનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજયુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ માપનાર શનિ જોષીના માતા દક્ષાબહેન જોષીએ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.ચૌધરી ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૭૭૩/૧૮**

**મેઘાણીનગરઃ** કમલેશદેવી ગંગારામ ચૌધરી (રહે. ધુપસિગની ચાલી ઓમનગર મેઘાણીનગર) તા.૨૦/૦૪/૧૮ કલાક ૬/૪૫ વાગે પોતાના ઘરે કામ કરતા હતા ત્યારે ઇલેક્ટ્રીક મોટરને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે સીવીલ હોસ્પિટલ લઇ જતા ફરજ પરના ડૉકટરશ્રીએ કમલેશદેવી ચૌધરીને મૃત જાહેર કર્યાહતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ઓ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૭૪/૧૮**

**ચાંદખેડાઃ** મિતેષ સ/ઓ અરસીભાઇ સાંજવા (ઉ.વ.૨૨) (રહે.ત્રીજો માળ આકાશ રથ એપાર્ટમેન્ટ નેશનલ હેન્ડલુમની બાજુમા લો ગાર્ડન નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૪/૧૮ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા ચાંદખેડા જગતપુર ગણેશ જેનીસીસ ફ્લેટ “સી” બ્લોક ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ મંગળભાઇ ચલાવે છે.

**વેજલપુરઃ** ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ વ્હોરા (ઉ.વ.૫૭) (રહે.સી/૧ સુકુન વિભાગ-૧ ગાંધી સ્મૃતિ પાસે જુહાપુરા) અગમ્ય કારણસર તા.૨૦/૦૪/૧૮ સવારના ૯/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે જુહાપુરા આમેના ખાતુન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ.આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વણઝારા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.